
# શ્રદ્ધા જ મારી મને લઈ ગઈ મંઝિલ સુધી....



સંસારમાં મનુષ્યજીવનનું ચાલકબળ શ્રધ્ધા છે. જીવનરૂપી મહાસાગરમાં મનુષ્યરૂપી મરજીવા જયારે છલાંગ લગાવે છે ત્યારે તેના મનમાં એક શ્રધ્ધા તો હોય જ છે કે આપણે જીવનમાં દરેક કાર્યોમાં સફળતારૂપી મોતી તો મેળવી જ શકીશું અને મેળવી ન શકીએ તો પણ પરામાત્મારૂપી હલેસું જીવનસફરને કિનારે તો અવશ્ય પહોંચાડશે જ. શ્રદ્ધા એ જીવનનો શ્વાસ છે, શ્રદ્ધા વિના સિદ્ધિ નથી. દુનિયાના બધા ધર્મો શ્રદ્ધાના આધારે જ ટકી રહ્યા છે. ધર્મની ઇમારત શ્રદ્ધાની ઈંટના પાયા પર ચણાયેલી હોય છે. શ્રદ્ધાવાન મનુષ્યને સર્વત્ર દિવ્યતાના દર્શન થાય છે. શ્રદ્ધા એટલે ભરોસો-વિશ્વાસ-આસ્થા -ખાતરી.

શ્રદ્ધાના મૂળમાં સત્ય રહેલું છે. આપણા પારિવારિક સંબંધો, પ્રેમ, આ બધાના પાયામાં પણ શ્રદ્ધા જ છે. માતાપિતા દીકરીને પરણાવતી વખતે કન્યાના હાથ પતિના હાથમાં મૂકે છે પણ ત્યારે તેઓ તો તેના ભવિષ્યથી અજાણ છે છતાં એક શ્રદ્ધાના બળ પર પારકા કુટુંબમાં ભરોસો મૂકે છે કે મારી દીકરી આ ઘરમાં સુખી જ થશે. શ્રદ્ધાના આધારે જ કન્યા પણ એકબે મુલાકાતમાં જ પોતાનો આજીવન સંબંધ બાંધી દે છે અને પ્રેમપૂર્વક નિભાવે છે. માતાપિતા, પતિ-પત્ની, ગુરુ-શિષ્ય, ઇત્યાદિના સંબંધોને ટકાવી રાખવામાં શ્રદ્ધાનો ફાળો નોંધપાત્ર છે.

એક પથ્થર દેવત્વ ધારણ કરી લે છે ત્યારે કાબાનો પથ્થર ઇસ્લામની બંદગીનો આધાર બની જાય છે. એક દિવ્ય મંત્ર, શ્લોક, ઋચા, ગીત, દુઆ, પ્રાર્થના ઇશ્વરની આરાધના બની જાય છે. મૂર્તિનું તેજ જીવનનો પ્રકાશ બની જાય છે. ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા આશ્વાસન બની જાય છે. શ્રદ્ધામાં જયારે ભક્તિભાવ ભળે છે એ તેના ઇશ્વરનો ભગત બની જતો હોય છે.

આવા જ એક શ્રદ્ધાવાન પરિવારના દીકરા ચિરાગ સાથે જયારે વાતચીત કરીએ ત્યારે છેલ્લે એક વાક્ય તો આપે જ ‘ઇશ્વરની મરજી.’ તેને ઇશ્વરમાં અનન્ય શ્રદ્ધા હતી. એને એક વિશ્વાસ હતો ઇશ્વર સદા મારી સાથે જ છે. સારીનરસી દરેક ઘટનાને એ ઇશ્વરની મરજી ગણી સ્વીકારી લેતો. પત્ની સુગંધા પણ એટલી જ સુશીલ, સંસ્કારી અને ધર્મિષ્ઠ મળી હતી. એક આદર્શ લગ્નજીવન જીવતાં એમના ઘરે દીકરી સૂરીલીનો જન્મ થયો. જિંદગીનાં વર્ષો ઝડપથી પસાર થવા લાગ્યાં.

સૂરલી 16 વર્ષની થઇ ત્યારે જીવનમાં એક મોટી મુસીબત આવી. કોલેજની પિકનિકમાં ગયેલી સૂરીલી અચાનક ઊંચાઇ પરથી લપસી નીચે પડી. ડરના માર્યા એના મુખમાંથી નીકળેલી એક મોટી ચીસ સાથે એ બેભાન થઇ ગઇ. નાચતીકૂદતી કિલ્લોલ કરતી સૂરીલીનો સૂર લુપ્ત થઇ ગયો. ડોક્ટરના કહેવા મુજબ સ્વરપેટી પર પડદો આવી ગયો છે. શસ્ત્રક્રિયા દ્વારા જ દૂર કરી શકાય એમ હતું. ઓપરેશનનો ખર્ચ લગભગ એક લાખ રૂપિયાનો હતો. ચિરાગ પાસે એટલા બધા રૂપિયા ક્યાંથી હોય? ત્રણ મહિનામાં ઓપરેશન નહીં થાય તો સૂરીલી કાયમ માટે વાચાહીન બની જશે. ચિરાગે તો આ પરિસ્થિતિને પણ ઇશ્વરની મરજી ગણીને સ્વીકારી લીધી. ચિરાગને વિશ્વાસ હતો કે ઇશ્વર કોઇક ને કોઇક તો રસ્તો જરૂર કાઢશે. કોઇ પાસે માંગીને પૈસા લેવા એ એને મંજૂર ન હતું.

લગભગ બે મહિના વીતી ગયા પણ ઇશ્વર તરફથી સહાયનો કોઇ અણસાર ન મળ્યો. છતાં ચિરાગનો વિશ્વાસ અતૂટ હતો. એની પત્ની સુગંધા પણ અકળાતી હતી પણ એનેય ઇશ્વરમાં વિશ્વાસ હતો. ચિરાગ છાપું લઇ વાંચવા બેઠો. એકદમ હરખાઇ ઊઠયો, મનોમન ઇશ્વરનો આભાર માની લીધો. હા સમાચાર જ એવા હતા એક ગુજરાતી સાહિત્ય



જીવન સરગમ
બિન્દુબેન કચરા

સંસ્થા તરફથી માતૃભાષા દિનની ઉજવણી નિમિત્તે એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. વિષય હતો ‘ઇશ્વર છે’અને ‘ઇશ્વર નથી.’આ બેમાંથી એક વિષય પર બોલવાનું હતું. જીતનારને પચાસ હજારનું ઇનામ મળવાનું હતું. અલબત્ત સ્પર્ધામાં ભાગ લેવા માટે ઘણી બધી ગુણવત્તાની માગણી હતી પણ ચિરાગ પાસે એ બધી ગુણવત્તા હતી.

ચિરાગ સાહિત્ય સંસ્થા પર પહોંચ્યા. પોતાની યોગ્યતા પુરવાર કરવા અંગેના કાગળો રજૂ કર્યા પણ અફસોસ ત્યાં હાજર રહેલા ભાઇએ કહ્યું ‘ઇશ્વર છે’એ વિષય પર બોલવા માટે 20 જ ફોર્મ લેવાના હતા તે ભરાઇ ગયા છે તેથી એ વિષય પર તમને બોલવા નહીં મળે પણ તમારે ‘ઇશ્વર નથી’એ પર બોલવું હોય તો એક ફોર્મ બાકી છે. ‘ઇશ્વર નથી’એ વિષય પર બોલવું ચિરાગ માટે અસંભવિત હતું. તેણે ના પાડી દીધી પણ પછી વિચાર્યું. એક તો સાહિત્યિક જીવ અને પુત્રીપ્રેમના કારણે એણે મનને મનાવી, સ્પર્ધામાં ભાગ લેવા ‘ઇશ્વર નથી’એ વિષય પર બોલવાનું ફોર્મ ભર્યું. આ વિષય પર જરૂર ગહનતાથી બોલીશ-સરસ તૈયારી કરીને જઇશ અને ઇનામ મેળવીને જ જંપીશ. એક વાર ઇનામ મળી જશે કે તરત સૂરીલીની શસ્ત્રક્રિયા

**‘ઇશ્વર છે’એ વિષય પર બોલવા માટે 20 જ ફોર્મ લેવાના હતા તે ભરાઇ ગયા છે તેથી એ વિષય પર તમને બોલવા નહીં મળે પણ તમારે ‘ઇશ્વર નથી’એ વિષય પર બોલવું હોય તો એક ફોર્મ બાકી છે. ‘ઇશ્વર નથી’એ વિષય પર બોલવું ચિરાગ માટે અસંભવિત હતું.**

કરાવી એને ફરી ગુંજતી કરી દઇશ. બીજા 50 હજાર જોબ પરથી ઉપાડી લઇશ. રાત્રે‘ઇશ્વર નથી’એ વિષય પર તાર્કિક દલીલોને સાંકળી લઇ પ્રસંગોને ગુંથી લઇ શબ્દોને સુંદર મજાના અલંકારોથી શણગારી‘ઇશ્વર નથી’ એ વિષય પર હૃદયર્સ્પશી લેખ લખી નાંખ્યો. પછી સૂરલી અને સુગંધાને સ્પર્ધાની વાત કરી અને લેખ એમની સમક્ષ વાંચવાનું ચાલુ કર્યું . ચિરાગ આ વિષય પર લખે એ વાત બંનેના ભેજામાં ઊતરતી ન હતી. બંને મા-દીકરી આપેરેશનની વાતથી ખુશ હતાં પણ ચિરાગ ઇશ્વરની વિરુધ્ધ લખે, બોલે એ વાતથી નારાજ હતા. સૂરીલીના મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલવા લાગ્યું. શું માત્ર મારા ઇલાજ માટે મારા દેવતુલ્ય પપ્પા તેમની વિચારસરણી બદલીને જે ઈશ્વરમાં એમને અનન્ય શ્રધ્ધા છે એ ઇશ્વરના અસ્તિત્વને નકારે. એમનું આવું અકલ્પનીય વકતૃત્વ સાંભળીને કેટલાંય પૂજા, પ્રાર્થના, ભક્તિ, મંદિર , દેરાસર ચર્ચ કે અગિયારી છોડી દેશે. કેટલાંયના મનમાંથી ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા વિલીન થઇ જશે. ના-ના- મારે આવો ઇલાજ નથી કરાવવો ને એ જોરથી ચિલ્લાઇ ઊઠી.. ‘‘પપ્પા હું તમને ઇશ્વરની વિરુદ્ધ બોલવા નહીં દઉં.’’ આમ અચાનક સૂરીલીને વાચા મળી ગઇ....! સૌ આશ્ચર્યમાં પડી આનંદમાં આવી ગયાં....

ચિરાગ લખેલા એના વક્તવ્યને ફાડતાં બોલ્યો જોયું ‘‘જેવી ઇશ્વરની મરજી’’...! ‘શ્રદ્ધા જ મારી મને લઇ ગઇ મંજિલ સુધી

રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઇ...!’

- ગની દહીંવાળા

સૂરીલીને બંને ભેટ્યાં. ઘરના દેવસ્થાન પાસે આવી નતમસ્તકે પ્રણામ કરી પ્રાર્થના ગાવા લાગ્યા.

‘દ્વાર દયાકા જબ તું ખોલે. પંચમ સૂરમેં મૂંગા બોલે
અંધા દેખે લંગડા ચલકર, પહુંચે કાશી રે....!’

તો વાચકમિત્રો...! શ્રદ્ધાવાન તરે છે અને શ્રદ્ધાવિહોણાં ડૂબે છે. નરસિંહ ને મીરાંની કૃષ્ણભકિત તેનું સર્વોત્તમ ઉદાહરણ છે. રાણાએ મોકલેલ ઝેરનો પ્યાલો અમૃતરસ માની પી જાય છે. ટોપલામાં ઝેરી સાપ ભરીને મોકલ્યાં. મીરાંબાઇએ ગિરિધરમાં શ્રદ્ધા રાખી પ્રભુના હાર સમજી ખોલ્યા તો સાપની જગ્યાએ હાર જ નીકળ્યા. નરસિંહ મહેતાને એના શામળિયામાં કેટલી શ્રદ્ધા હતી. કુંવરબાઇનું મામેરું કરતી વખતે ખાલી છાબ લઇને બેસી ગયા અને ‘કરશે મારો શામળિયો’આ શ્રધ્ધા ફળી અને કુંવરબાઇના મામેરામાં રંગેચંગે બધાં દેવદેવીઓ પધાર્યાં. શ્રદ્ધા જ ધર્મ અને કર્મને દૃઢ બનાવે છે.

જીવનમાં શ્રદ્ધા છે તો દરેક કાર્ય થાય છે, પાર પડે છે. તો મિત્રો ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા આપણને મનોબળ પૂરું પાડી કાર્ય સિદ્ધિ મોડીવહેલી અપાવે જ છે. જીવનનો સાચો માર્ગ છે કર્મનો. પ્રારબ્ધ સાથે પુરુષાર્થ કરવો પડે છે. શ્રદ્ધામાં શાંતિ છે. આત્મશ્રદ્ધામાં વિશ્વાસ છે. એ યાદ રાખી જીવન ઉજવલિત કરીએ.

હે પ્રભુ!‘તું છે મારી અંદર તેથી ભર્યો ભર્યો હું લાગું.
તું છે લીલોછમ અંદર તેથી હર્યોભર્યો હું લાગું.

## સુવર્ણરજ

મંગલ તેમ જ અમંગલ લાગતી બધી જ ઘટનાઓ પાછળ પ્રભુનો હાથ છે એવો દૃઢ વિશ્વાસ નિર્માણ થાય તો જગતની પ્રત્યેક ઘટના મંગલમય જ લાગે.